# ભારત અને યુરોપિયન યુનિયનની ઊર્જા પેનલની **10** મી બેઠક તથા સ્વચ્છ ઊર્જા અને આબોહવામાં ભાગીદારીનો ત્રીજો તબક્કો

22 નવેમ્બર, 2024

ભારત-યુરોપિયન યુનિયન એનર્જી પેનલની 10 મી બેઠક 21 નવેમ્બર, 2024 ના રોજ બ્રસેલ્સમાં યોજાઈ હતી. તેની સહ-અધ્યક્ષતા વિદેશ મંત્રાલયના સચિવ (પશ્ચિમ) શ્રી તન્મય લાલ અને યુરોપિયન કમિશનના ઊર્જા નિયામક જનરલ સુશ્રી દિટ્ટે જુલ જોર્જેન્સન દ્વારા કરવામાં આવી હતી. આ બેઠકમાં ભારત તરફથી નવી અને પુનઃપ્રાપ્ય ઊર્જા મંત્રાલય અને ઊર્જા મંત્રાલયના પ્રતિનિધિઓ અને યુરોપિયન યુનિયન તરફથી યુરોપિયન કમિશનના ડિરેક્ટોરેટ જનરલ ફોર એનર્જી અને ડિરેક્ટોરેટ જનરલ ફોર ક્લાઈમેટ એક્શનના પ્રતિનિધિઓ પણ ઉપસ્થિત રહ્યા હતા.

2. ઊર્જા પેનલે બંને પક્ષોની ઊર્જા સંક્રમણ પ્રાથમિકતાઓ પર ધ્યાન કેન્દ્રિત કર્યું હતું અને ભારત-યુરોપિયન યુનિયન વચ્ચેની સ્વચ્છ ઊર્જા અને આબોહવા ભાગીદારી 2021-2024 ના બીજા તબક્કાની સિદ્ધિઓની સમીક્ષા કરી હતી. બંને પક્ષોએ નવ ક્ષેત્રોમાં વહેંચાયેલી 51 પ્રવૃત્તિઓમાં ટેકનિકલ સહકાર સાથે સંકળાયેલી સંયુક્ત પહેલો હાથ ધરી હતી અને પૂર્ણ કરી હતી.

3. બંને પક્ષોએ ગ્રીન હાઇડ્રોજન સહકાર માટેનું માળખું પણ તૈયાર કર્યું છે, જેમાં ભારત અને યુરોપિયન યુનિયનની ગ્રીન હાઇડ્રોજન નીતિઓ પર સહકાર સામેલ છે. યુરોપિયન યુનિયન અને યુરોપિયન યુનિયનના સભ્ય દેશોએ ભારતમાં ગ્રીન હાઇડ્રોજન 2024 પર આંતરરાષ્ટ્રીય પરિષદમાં ભાગ લીધો હતો, જ્યારે ભારત યુરોપિયન હાઇડ્રોજન સપ્તાહ 2024 ના વિશિષ્ટ ભાગીદાર તરીકે જોડાયો હતો. ભારત અને યુરોપિયન યુનિયને સ્વચ્છ અને ગ્રીન ટેકનોલોજીસ પર ભારત-યુરોપિયન યુનિયન ટ્રેડ એન્ડ ટેકનોલોજી કાઉન્સિલ વર્કિંગ ગ્રૂપના ભાગરૂપે સ્વચ્છ ઊર્જા પ્રોજેક્ટ્સમાં સંયુક્તપણે સંશોધનને ટેકો આપવા લાંબા ગાળાની સંશોધન પ્રતિબદ્ધતાઓ પણ વ્યક્ત કરી હતી, જેની સ્થાપના જાન્યુઆરી, 2023 માં થઈ હતી.

4. બંને પક્ષોએ ભારત-યુરોપિયન યુનિયન વચ્ચે સ્વચ્છ ઊર્જા અને આબોહવા ભાગીદારી 2025-28 નાં ત્રીજા તબક્કા માટે કાર્યયોજના સ્વીકારી હતી, જે પાંચ પ્રાથમિકતા ધરાવતાં ક્ષેત્રો –

(i) ગ્રીન હાઇડ્રોજન,

(ii) ઑફશોર વિન્ડ,

(iii) પ્રાદેશિક જોડાણ, વીજળી બજારનું સંકલન અને સ્માર્ટ ગ્રિડ,

(iv) ઊર્જા કાર્યદક્ષતા અને

(v) ઊર્જા અને આબોહવા મુત્સદ્દીગીરીમાં

ગાઢ સહકાર પર ધ્યાન કેન્દ્રિત કરશે.બંને પક્ષોએ ગ્રીન હાઇડ્રોજન સહકાર માટે વિસ્તૃત એજન્ડા નિર્ધારિત કર્યો છે, જેમાં માળખાગત વિકાસની શક્યતાનું મૂલ્યાંકન, નિયમનકારી અને ટેકનોલોજીમાં સહકાર તથા સપ્લાય ચેઇનને મજબૂત કરવાનો સમાવેશ થાય છે.

5. પેનલે આંતરરાષ્ટ્રીય સૌર ગઠબંધનમાં યુરોપિયન યુનિયન અને યુરોપિયન યુનિયનના સભ્ય દેશોની ભાગીદારીને

આવકારી હતી. ભારત અને યુરોપિયન યુનિયને પણ આંતરરાષ્ટ્રીય ઊર્જા એજન્સીમાં તેમના સહકારનો પુનરોચ્ચાર કર્યો હતો અને જી20 ના માળખામાં સ્વચ્છ ઊર્જા પર ગાઢ જોડાણ કરવા સંમતિ વ્યક્ત કરી હતી.

બ્રસેલ્સ
**22 નવેમ્બર, 2024**